GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ યુગ અને સર્જન ભાવનમાં આવેલ પરિવર્તન

મહેન્દ્ર એમ.પરમાર

રિસર્ચ ફેલો, અનુસ્નાતક ગુજરાતી વિભાગ,

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦,

Emil; mahindra22.parmar@gmail.com. મો:7698968970.

**સારાંશ**

પ્રસ્તુત લેખમાં ડિજિટલ યુગ અને તેના કારણે સાહિત્યમાં સર્જન અને ભાવકોમાં આવેલ પરિવર્તનોની વાત કારવામાં આવી છે.આ લેખમાં ડિજિટલ ઇકોસિસ્ટમ સાથે ડિજિટલ યુગ કેવી રીતે જોડાઈ ગયો તે પશ્ચિમના વ્યક્તિઓના પુસ્તક Digital Asset Ecosystems અને Building Digital Ecosystemsઆ બંને પુસ્તકોમાં ડિજિટલ ટેકનોલોજીની વ્યાખ્યા તેમણે આપી છે. ત્યારબાદ ડિજિટલ યુગની સકરાત્મક અને નકારત્મક અસરોની પણ અહિયાં વાત કરવામાં આવી છે.ડિજિટલ યુગના કારણે સર્જન અને ભાવકોમાં આવેલ પરિવતનોની વાત મુખ્ય બે મુદ્દા જેમાં ૧) ગુજરાતી સાહિત્ય સર્જનમાં ડિજિટલ ટેકનોલોજીની અસર, ૨) ડિજિટલ ટેકનોલોજીની ભાવકો પર અસર. જેની માહિતી વિવિધ ઉદાહરણો આપી સમજવામાં આવી છે.

વર્તમાન સમયમાં 'ડિજિટલ ઈન્ડિયા' એક નારો બની ગયો છે. છેલ્લા બે એક બે દાયકાથી 'ડિજિટલ શબ્દ સતત ગુંજતો રહ્યો રહ્યો છે. હવે તો જમીન પર અને દીવાલ પર લગાવવાની ટાઇલ્સ પણ 'ડિજિટલ ટાઇલ્સ' બની ગઈ છે. સતત પડધાતા 'ડિજિટલ' શબ્દનો આ યુગ જાણે કે ડિજિટલ યુગ બની ગયો છે.

ડિજિટલ શું છે? ડિજિટલ શબ્દ ટેકનોલોજી સંદર્ભે જ લોકપ્રિય થયો છે. ત્યારે આપણે જ ડિજિટલ ક્રાંતિના ફળ ચાખીએ છીએ તેનો આરંભ પચાસના દશકના ઉતરાર્ધમાં થયો હતો અને બે દાયકા સુધી પા પા પગલી ભરી હતી. આ સમયે યંત્રોનું સામ્રાજ્ય હતું યાંત્રિક પદ્ધતિઓને સ્થાને ઇલેક્ટ્રોનિક

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

પદ્ધહતીનો પગ પેસારો થયો અને તે ચાવી ગઈ તેનો શ્રેય પણ સંપૂર્ણપણે ડિજિટલ પદ્ધતિને આપી તો પણ જરાયે અતિશયોક્તિ ન કહેવાય.

શબ્દકોશ પ્રમાણે તો ડિજિટલ એટલે અંક અને ડિજિટલ એટલે ડિજિટલને લગતું શાસ્ત્ર અથવા પદ્ધતિ. ગુજરાતીમાં તેને અંકીય અથવા તો આંકડાકીય વાત આવે ત્યારે આપણેને ગણિત યાદ આવે છે. આપણે રોજિંદા કામમાં અંક ગણિતનો થોડો ઉપયોગ કરીએ છીએ.વ્યવસાયમાં વાણિજ્ય શાખામાં આંકડાઓ સાથે વિશેષ પનારો પડતો હોય એમ લાગે છે પરંતુ ધ્વનિ, દ્રશ્ય, વાણી, લિપિ, ભાષા જેવી જગ્યા એ આંકડાઓ નજરે ચડતા નથી. હા, આંકડા સાથે કામ પાડવું પ્રમાણમાં સરળ અને સચોટ હોય છે. આખે વિશ્વમાં લોકોના દુન્વીય વ્યવહારમાં અત્યારે દસ અંકીય પદ્ધતિ શૂન્યથી નવ એમ દસ અંકી હોય છે. દસ અંકીય પદ્ધતિ સર્વત્ર છવાઈ જવાનું કારણ એ તો નહીં હોય ને કે તેને આપણે આંગળીઓથી દર્શાવી શકીએ છીએ. આપડે ભલે તેને લખીએ કોઈ પણ ભાષામાં પણ અંકો તો કુલ દસ જ હોય છે. વિવિધ અંકોનાં સંયોજનથી બને છે. ડિજિટલ ટેકનોલોજીથી સ્થાન, સીમા, દેશ, સંસ્કૃતિ, ભાષા, સાહિત્ય, એમ બધાંયનું અંતર ઘટી ગયું છે. ડિજિટલ ટેકનોલોજી એ ડિજિટલ ઇકોસિસ્ટમનું એક અંગ છે. ડિજિટલ ઈકો સિસ્ટમ વિશે Toblas Blanke પોતાના પુસ્તકમાં લખે છે,"A digital ecosysetem is a grous of interconnected information technology resources that can funcation as a unit. Digital ecosystems are made up of suppliers, customers, trading partners, applications, third-party data service providers and aal respecative technologies. Interoperabilitiy is the key to the ecosystem's success". (ડિજિટલ ઇકોસિસ્ટમ એ એકબીજા સાથે જોડાયેલી માહિતી ટેકનોલોજી સંસાધનોનો સમૂહ છે જે એક એકમ તરીકે કાર્ય કરી શકે છે. ડિજિટલ ઇકોસિસ્ટમ સપ્લાયર્સ, ગ્રાહકો, ટ્રેડિંગ ભાગીદારો, એપ્લિકેશન્સ, તૃતીય-પક્ષ ડેટા સેવા પ્રદાતાઓ અને તમામ સંબંધિત તકનીકોથી બનેલી છે. આંતર-કાર્યક્ષમતા એ ઇકોસિસ્ટમની સફળતાની ચાવી છે")

તેમની આ વ્યાખ્યા પ્રમાણે ડિજિટલ ઈકોસિસ્ટમ એ સમગ્ર ટેકનોલોજીનું એક જુથ છે,તેની જુદી જુદી શાખાઓ પણ પડે છે.એમાંની એક શાખા એટલે ડિજિટલ ટેકનોલોજી વિશે MARK SKILTAN

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

પોતાના પુસ્તક “ Building Digital Ecosystem Architectures”મા લખે છે કે," We refer to digitak technology as tools, systems and devices that can generate, create, store or process data. The data processing and logic capabilities of digital technologies are enabled through microprocesses that are programmed to perform various funcations. ("અમે ડિજિટલ ટેકનોલોજીનો ઉલ્લેખ એવા સાધનો, સિસ્ટમો અને ઉપકરણો તરીકે કરીએ છીએ જે ડેટા જનરેટ અથવા સંગ્રહ કરી શકે છે. ડિજિટલ ટેકનોલોજીથી ડેટા પ્રોસેસિંગ અને લોજિક ક્ષમતાઓ વિવિધ કાર્યો કરવા માટે પ્રોગ્રામ કરાયેલી માઇક્રોપ્રોસેસ દ્વારા સક્ષમ કરવામાં આવે છે.)

ડિજિટલ ટેકનોલોજીને ટૂલ્સ સિસ્ટમ અને ઉપકરણો તરીકે ઓળખવામાં આવે છે. ડેટા જનરેટ કરવા, ડેટા સ્ટોર કરવા, ડેટ પ્રોસેસિંગ કરવા ડેટા લૉચિન્ગ કરવા માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે છે. આ ડેટા તરીકે પછી વસ્તુ હોઈ શકે છે જેમકે, દેશ વિદેશની માહિતી, ઉપકરણો કે અંતરીક્ષ માહિતી કે પછીએ સાહિત્યની માહિતી પણ હોય છે.

આપણે જાણીએ છીએ કે જગત સતત પરિવર્તન પામતું રહે છે. તો પછી આ જગતનું જે સાહિત્ય છે તે પણ પરિવર્તન પામવું જ જોઈએ સાહિત્યમાં પતિવર્તન લાવવામાં સાહિત્યકારોનો ખૂબ મોટો ફાળો રહેતો હોય છે. જો સાહિત્યકારો ડિજિટલ ટેકનોલોજી સાથે જોડાશે તો સાહિત્યનુ ભાવન કરનાર ભાવક પણ આપમેળે જ ટેકનોલોજી સાથે જોડાશે. પણ આપણે એનાથી ઊલટું કરીએ છીએ. જો ભાવકો ડિજિટલ ટેકનોલોજી સાથે જોડાય તો સર્જક પણ આપમેળે ડિજિટલ ટેકનોલોજી સાથે જોડાશે અને સર્જક અને ભાવક બંને ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરતાં હોય તો સાહિત્યિક સંસ્થાઓએ પણ આ તરફ વળવું પળે. એટલે આપણે ગુજરાતી સાહિત્યસર્જન, ભાવન અને સંસ્થાઓમાં એમ ત્રણેયમાં ડિજિટલ ટેકનોલોજીની અસરો જોવા મળે છે અને આ અસરો કારણે આ ત્રણેયમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેનો અભ્યાસ આપણે કરીએ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**ગુજરાતી સાહિત્ય સર્જનમાં ડિજિટલ ટેકનોલોજીની અસર:** ડિજિટલ ટેકનોલોજીએ ગુજરાતી સર્જકોના જીવન અને કાર્યપદ્ધતિમાં મોટા ફેરફારો કર્યા છે. એક તરફ એને સર્જકોને નવી તકો અને નવા પ્લેટફોમ પૂરા પાડયા છે. બીજી તરફ એને કેટલીક ચિંતાઓ પણ ઊભી કરી છે.

ડિજિટલ ટેકનોલોજીની સકારાત્મક અસરોની વાત કરીએ તે એમા સર્જક–ભાવકો સુધી કૃતિ ઝડપી અને અસરકારક રીતે પહોંચાડી શકાય છે. સર્જકો જુદા જુદા સોશિયલ મીડિયા પ્લેટફોમ જેવા કે, you tube, instagram, કે facebook દ્વારા સીધા પોતાની કૃતિ ભાવકો સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે.

સર્જકો વધુ ઝડપી રીતે વર્તમાન સમસ્યાઓને જાણી પોતાના સર્જનમાં તેને સામેલ કરી શકે છે. Google જેવા સર્ચ એન્જિનના ઉપયોગથી સર્જકને વૈશ્વિક જગતની માહિતી પણ ઊંડાણપૂર્વક મળી રહે છે, અને એના ઉપયોગથી એ સાહિત્યકૃતિ પણ લખી શકે છે. ઉદાહરણ તરીકે આજના આખા જગતની પ્રાથમિક સમસ્યાઓમાંની એક એટલે કે પર્યાવરણ સંરક્ષણ અને તેની સમસ્યાઓ વિશે ઘણાબધા સંશોધનલેખો આપણે સોશિયલ મીડિયામાં પ્રાપ્ત થાય છે અને આના ઉપયોગથી લેખકોએ પણ પોતાની સાહિત્યકૃતિઓ થકી પર્યાવરણને બચવવાની ઝુંબેશ ઉઠાવી છે. ઉદા..,

શું થયું? શું થાય છે? ને શું થશે કોને ખબર?
કોણ જાણે ઋતુ કઈ આજે હશે કોને ખબર?
ફક્ત વૈશ્વિક ઉષ્ણતા લાગે જ છે કારણ બધું,
આ જ અસમંજસ હવે ક્યારે જશે કોને ખબર? (અતુલ દવે )

આવી જ રીતે ઈન્ટરનેટ અને કૃષ્ણભક્તિને રજૂ કરતી એક નવીન પ્રકારની શૈલી અને નવા જ વિષયને નવી જ રીતે રજૂ કરતી કૃષ્ણ દવેની આ કવિતા જોઈએ ;

" વાસંલડી ડોટ કોમ, મોરપીછ ડોટ કોમ, ડોટ કોમ વૃંદાવન આખું
કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે કયા કયા નામ એમા રાખું?
ધારો કે મીરાંબાઈ ડોટ કોમ રાખીએ તો રાધા રિસાય એનું શું?
વિરહી ગોપીનું ગીત એન્ટર કરી ને ક્યાંક ફ્લૉપી ભીંજાય એનું શું"?

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સાહિત્યકૃતિની અસરકારકતા વધારવા માટે પણ ઘણાબધા સર્જકો ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરતાં આવ્યા છે જેમાં વિષયઅનુરુપ કૃતિના પાછળના પેજનું લે–આઉટ જેમકે, લેખક પ્રકૃતિવર્ણન કરતાં હોય ત્યારે બેકગ્રાઉન્ડમાં પ્રાકૃતિક દ્રશ્યો વૉલપેપર મૂકવામાં આવે જેથી કૃતિની અસરકારકતા વધે. બીજી રીતે જોઈએ તો પ્રતિસાદ કે વિરોધની કોઈ કૃતિ હોય તો તેં પાછળ કાળા કલરના અક્ષર રાખીને કૃતિને પ્રતીકાત્મક રીતે વિષય સાથે જોડવામાં આવે છે.આવી જ રીતે કૃતિને દ્રશ્ય–શ્રાવ્ય રૂપે પણ રહું કરી શકાય છે જેનાથી વાંચકવર્ગને વાંચવાની જરૂર જ ન પડે.લેખકો અહિયાં પોતાની કૃતિને પોતે જ રજૂ કરી શકે છે અને એમા પણ પાછળ બેકગ્રાઉન્ડ મ્યુજિકએડ કરીને કૃતિની અસરકારકતા વધારી શકે છે.સર્જકોને અહીંયા પ્રકાશકો પાસે જવાની પણ કોઈ આવશ્યક્તા રહેતી નથી.તે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ થકી પોતાની કૃતિને પબ્લીશ કરી શકે છે.આ ડિજિટલ ટેકનોલોજીના કારણે ઘણાબધા નવોદિત સર્જકોને અવકાશ મળ્યો છે અને સર્જન થકી પોતાના વિચારોને રજૂ કરવાનો મોકો પણ મળ્યો છે.

ડિજિટલ ટૂલ્સ અને સોફ્ટવેરના કારણે નવી જ રીતે લખવાની અને પ્રયોગો કરવાની તકો પણ પૂરી પાડે છે. જેના ઉત્તમ ઉદાહરણ ‘હાઈપર ઈન્ટરેક્ટિવ કવિતા’ જેના નવા સ્વરૂપો છે. આ એક નવીન કાવ્યપ્રયોગ છે જે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વાચકોને કવિતામાં સક્રિય ભાગીદાર બનાવે છે. ‘હાઈપર ટેક્સ કવિતા’ની મુખ્ય લાક્ષણિકતા બહુવિધ અર્થઘટન દ્રશ્ય અનુભવ જેવા મહત્વના લક્ષણો ગણાવી શકાય છે. ગુજરાતીમાં હજુ આ દિશામાં પ્રયોગ થયા નથી.વૈશ્વિક સ્તરે આવી કવિતાઓ મળી આવે છે જેમાં એડમ રોબની “Twitter”નામની કવિતા ઘણી મહત્વની છે.

ડિજિટલ ટેકનોલોજીના કારણે ગુજરાતી સર્જકોની સંશોધન ક્ષમતામાં પણ વધારો થતો જોવા મળ્યો છે. જેના પરિણામ રૂપે નવી કવિતાઓ, વાર્તાઓ કે સાહિત્યના નવા સ્વરૂપો આપણને પ્રાપ્ત થયા છે. વિજ્ઞાનકથાઓ કે પછી સાહિત્યમાં રોબોર્ટનું આલેખન કે પછી માઈક્રોફિક્શન એ ડિજિટલ ટેકનોલોજીની સાહિત્યને દેન છે. આ તો થઈ સકારાત્મક અસરો પણ ટેકનોલોજી જેટલી સકારત્મક છે એટલી જ નકારત્મક પણ છે એટલી જ સાહિત્યકારો ઉપર પણ ડિજિટલ ટેકનોલોજીની કેટલીક

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

નકારાત્મક અસરો જોવા મળે છે. જેમકે, પ્રતિસ્પર્ધા. ડિજિટલ ટેકનોલોજીના કારણે સાહિત્યના સર્જકોની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. જેથી ભાવકોમાં એક પ્રકારની મુંઝવણ દેખાય છે, કે કયા સર્જકના સર્જને વાંચવું અને આના કારણે સર્જકની ગુણવતા પણ ઘટી જાય છે.આની સાથે કોપીરાઇટના પ્રશ્નો પણ વધ્યા છે.આ સિવાય સૌથી મોટી સમસ્યા "AI"(આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)ને ગણાવી શકાય છે. આનાથી જેટલા ફાયદાઓ છે એટલા જ નુકશાન પણ છે. સાહિત્યને એ ઘણી હાનિ પહોંચાડી શકે છે. એમાનું એક AI ટૂલ્સ એટલે chat આના દૂરઉપયોગથી આપણને જેના વિશે કવિતા લખવી હોય એ હૂબહૂ સર્જનાત્મક રીતે કવિતા કે વાર્તા લખી આપે છે. માત્ર એના સર્ચ એન્જિનમાં જે તે વાર્તા કવિતાનો વિષય દાખલ કરીને સંદર્ભની કવિતા–વાર્તા આપણને મળી રહે છે. આવી ડિજિટલ ટેકનોલોજીથી સાહિત્યસર્જને ખૂબ હાનિ પહોંચે છે.

**ડિજિટલ ટેકનોલોજીની ભાવકો પર અસર:** ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી ભાવકો સર્જક કે સાહિત્યકૃતિ સાથે સીધા સંપર્કમાં આવે છે.સર્જકો પોતાની કૃતિઓ સોશિયલ મીડિયા પ્લેટફોમ ઉપર વાચકો માટે મૂકે છે,જેથી ભાવકો જે તે પ્લેટફોમ ઉપર સર્જકને ફોલો કરીને સાહિત્યકૃતિ તથા સર્જક સાથે સીધા જોડાય શકે છે અને આવી ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી ભાવકો કૃતિ વાંચીને પોતાના પ્રતિભાવો કે સર્જક સાથે કૃતિ પર ચર્ચા આવા માધ્યમો થકી કરી શકે છે. જેથી સર્જકો પણ પોતે કેવું લખે છે, પોતાની કૃતિની ભાવકજગતમાં કેવી અસર પડી છે એની માહિતી પણ ડિજિટલ ટેકનોલોજીના કારણે મેળવી શકે છે.

ભાવકો પોતાની રુચિ પ્રમાણે સાહિત્યનો એક્સેસ કરી શકે છે. ભાવકોને કેવા પ્રકારની કૃતિ વાંચવી, ક્યાં સ્વરૂપની કૃતિ વાંચવી કે ક્યાં ફોર્મેટમાં વાંચવી છે તેનો વિકલ્પ ભાવકો પોતે પસંદ કરી શકે છે. ઉદાહરણ રૂપે ભાવકોને ગઝલસ્વરૂપમાં રસ છે તો તેને ગઝલ જ મળશે અને આમાં પણ ભાવકોને ગઝલ વાંચવી નથી, સાંભળવી છે તો તેને ઓડિયો–શ્રાવ્ય રૂપે જો ઉપલબ્ધ હશે તો એનો લાહવો મળશે 'ગુજરાતી જલસો'એપ શ્રાવ્ય રૂપે સાહિત્યને ઉપલબ્ધ કરાવી આપે છે એ પણ આ ડિજિટલ ટેકનોલોજીની જ દેન છે,અહિયાં એક વાત નોંધનીય છે ગુજરાતીમાં જેટલું દ્રશ્ય શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

છે એમાં સૌથી વધારે બાળસાહિત્યનો સમાવેશ થાય છે. ગઝલ–વાર્તાઓ, લઘુકથાઓ છે પણ ઓછા પ્રમાણમાં. જોકે હાલ ઘણીબધી સંસ્થાઓ આ ક્ષેત્રે કાર્યરત છે. આના થકી આપણે ૧૦૦ જેટલી લઘુકથાઓ શ્રાવ્ય રૂપે પ્રાપ્ત થઈ છે.

આ સિવાય ભાવકોને ઘર બેઠા પોતાના મનગમતા પુસ્તકો મળી જાય છે એ પણ ડિજિટલ ટેક્નોલોજીની જ દેન છે. ભાવકોને હવે પહેલાંની જેમ પુસ્તકાલયમાં જવું પડતું નથી, અને કલાકો બગાડવા પડતાં નથી. પુસ્તકનું નામ સર્ચ કરી એને એ પુસ્તક ક્યાં પડ્યું છે એની માહિતી પણ મળી રહે છે. સાથે સાથે ઘણાબધા એવા ડિજિટલ પ્લેટફોમ પણ છે જ્યાંથી ભાવકોને ઘરે બેઠા પુસ્તકો વાંચવા મળી જાય છે. જેમકે, 'એકત્ર ફાઉન્ડેશન', 'ડિજિટલ લાઇબ્રેરી ઓફ ઈન્ડિયા', દિવ્યચક્ષુ ભાવકો માટે 'સુગમીય પુસ્તકાલય'. આ સુગમીય પુસ્તકાલય એ દિવ્યચક્ષુ ભાવકો માટે વરદાનરૂપ છે. આમાં એમને બધા પુસ્તકો શ્રાવ્ય રૂપે મળી રહે છે.

ગુજરાતી સાહિત્યજગતમાં ડિજિટલ ટેકનોલોજીના આ કારણે ખૂબ જ મોટી ક્રાંતિ આવી છે, જેની સૌથી વધારે અસર સર્જકો અને ભાવકો ઉપર પડી છે અને આના કારણે સાહિત્યસર્જન અને સાહિત્યભાવન એમ બંનેમાં પરિવર્તનો આપણે જોવા મળે છે અને આ પ્રક્રિયા ચાલતી રહી છે.

**સંદર્ભ ગ્રંથ;**

1. BLANKE TOBIS, (2014), “Digital Asset Ecosystems”, Chandos publishing Elsevier Limited, The Boulevard, Langford Lane Kidlington, UK.
2. MAEK SKILTON, (2016), “Building Digital Ecosystem Architectures”.
3. Hammond Adam (2023) “Technology and Literature”, Cambridge University Press.